પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે(દાદા)ની ૯૫મી જન્મજયંતિએ ભાવાંજલિ

અતિશય દિવ્ય અને લોકોત્તર વ્યક્તિત્વ ધરાવનાર દાદાએ સમાજમાં આમુલ પરિણામો આપ્યા છે

ગાંધીનગર, તા. ૧૮

પૂજ્ય પાંડુરંગજી શાસ્ત્રી આઠવલે (દાદા) પ્રેરિત સ્વાધ્યાય પ્રવૃત્તિ આજે સમસ્ત દેશમાં અને વિશ્વના કેટલાક દેશોમાં પ્રચાર પામેલ છે. અસંખ્ય લોકો સવાર સાંજ સ્વાધ્યાય પ્રવૃત્તિમાં સામેલ થાય છે. આવી એક મહાન ક્રાંતિની જ્યોત જલાવી જનાર લોકલાડીલા દાદાની ૯૫મી જન્મ જયંતિએ ભાવવિભોર અને નિર્દોષ શબ્દો થકી ભાવાંજલિ અર્પી રહ્યા છીએ. સમાજમાં તેમના વિચારો અને કાર્યો થકી આવેલા શ્રેષ્ઠ પરિણામો અવર્ણનીય બન્યા છે ત્યારે તેમની જન્મ જયંતિએ શત્ શત્ વંદન.

દાદાનું મૂળ નામ પાંડુરંગ વૈજનાથ આઠવલે, તેમનો જન્મ ૧૯મી ઓક્ટોબર ૧૯૨૦ ના દિવસે મહારાષ્ટ્ર રાજયના રાયગઢ જિલ્લાના રોહા ગામે થયો હતો. બાળપણથી જ તેમનું સિંચન તપોવનના સંસ્કાર અને શાસ્ત્રોના જ્ઞાનથી થયું હતું અને તે વખતથી જ તેઓ તેજસ્વી, પ્રખર અને બળવાન અને સ્વશિસ્તપાલનના ચુસ્ત હિમાયતી હતા. જેમાં ચાર વ્રત થકી તેઓ તેમનું જીવન નિયમોથી બાંધેલુ રાખતા હતા. (૧) ઉધાર લઈશ નહીં (૨) વસ્તુ વગર ચલાવીશ પણ ઉછીનું લઈશ નહિ. (૩) ખુશામત કરવી પડે તે માટે કર્મકાંડી થઈશ નહીં (૪) વિદ્વાન તેજસ્વી જીવન પ્રણાલિ ઉભી કરવા માત્ર તત્વજ્ઞાનથી જ ભણાવીશ અને પૂરાણોમાં જઈશ નહિ. આમ શિસ્ત, સહકાર અને સમભાવના ગુણ બચપણથી જ પ્રાપ્ત થયા હતા. અને યુવાવસ્થામાં પ્રવેશ થતાં તેઓને ૧૯૪૮માં તેમના પિતા પાસેથી પાઠશાળાનું સુકાન સંભાળવાની તક પ્રાપ્ત થઈ હતી.

પૂર્ણ ઉંમરે તમામ પ્રકારના ગુણોથી ભરેલા સ્વભાવે સમાજનું અવલોકન કર્યુ અને બુદ્ધિ અને શ્રદ્ધામાં કિચડ જોયાં અને સરકારની આઈ.એ.એસ. તૈયાર કરવાની પદ્ધતિ ઉપરથી દાદા પણ ભારતીય સંસ્કૃતિના સમર્પિત સેવકો તૈયાર કરવાની દીર્ઘદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. તેમની વાણી અને વર્તન થકી સર્વત્ર પ્રશંસાના પૂષ્પો વેરાવા લાગ્યા હતા. જાપાન ખાતે મળેલી ધર્મપરિષદમાં એક પરદેશી તબીબના નિમંત્રણથી ગયેલા દાદાએ ભારતીય સંસ્કૃતિ અને શ્રીકૃષ્ણના પ્રેરક વિચારોનું પ્રભાવક રીતે સુક્ષ્મ દર્શન કરાવ્યું હતું. ભારતભરમાં દાદાએ વિચારો અને કાર્ય દ્વારા સમાજમાં ગીતાનો સાર સમજાવી તેજસ્વી ભારતની ખેવના રાખી હતી. અનેક અનમોલ એવોર્ડથી સન્માનીત દાદાના અનેક કાર્યો આજ પણ દેશભરમાં જીવંત રહ્યા છે.

દાદાએ સમાજને જોડતો શ્રી દર્શનમ્ પ્રયોગ હાથ ધર્યો હતો, મૃત્યુ માંગલ્ય દ્વારા મૃત્ય એટલે જીવનના વૃક્ષને આવેલુ મધુર ફળ તેવું જણાવ્યું હતું. ભક્તિ ફેરીના શ્રેષ્ઠ ધાર્મિક પ્રયોગ થકી ઘેર ઘેર આત્મિયતા ઉભી કરી હતી. અમૃતાલયમ્ થકી ભગવાનનો ભાગ સમજાવ્યો હતો. તો ત્રિકાલ સંધ્યા, વૃક્ષ મંદિર, યોગેશ્વર કૃષિ જેવા શ્રેષ્ઠ માર્ગો થકી પોતાનું, સમાજનું અને કુદરતની સંપત્તિઓનું જતન કરવા માટેના કાર્યો વર્ણવ્યા છે. પૂજ્ય દાદાના તમામ કાર્યો, વાણી અને પ્રયોગો થકી અનેક માનવ જીંદગીઓ વિચારધારાને બદલીને સતકર્મો તરફ વાળી છે. આવા મહાન પુરુષને તેમની જન્મજયંતિએ ભાવાંજલિ અર્પિત કરીએ છીએ.

મોબાઈલ ચોરીના આરોપીને એલસબીએ સુરતથી ઉઠાવ્યો

એક મહિના પહેલા સમાજ સુરક્ષાના મહિલા ડેપ્યુટી ડાયરેક્ટરના બે મોબાઈલ ચોરાયા હતા

ગાંધીનગર, તા. ૧૮

એક મહિના પહેલા સે. ૧૯ માં રહેતા અને સમાજ સુરક્ષામાં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારીના બે મોબાઈલ સુરતથી ગાંધીનગર બસમાં આવતી વખતે પર્સમાંથી ગાયબ થયા હતા. આ બંને ચોરીના મોબાઈલ સાથે સુરતના એક શખ્સને ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે સુરતથી ઉઠાવી લીધો છે અને તેની ધરપકડ કરીને પુછપરછ શરૂ કરી છે.

સે. ૧૯ જી-૧ ટાઈપ મકાન નં. ૨૬૧/૧ માં રહેતા અને સમાજ સુરક્ષા વિભાગમાં ડે. ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા હિનાબેન હસમુખભાઈ પટેલ ૧૪ સપ્ટેમ્બર સુરતથી અંબાજી જતી બસમાં ગાંધીનગર આવવા નિકળ્યા હતા અને ૧૫ સપ્ટેમ્બરે વહેલી સવારે ગાંધીનગર ડેપો ઉતર્યા હતા. આ સમયગાળામાં તેમના પર્સમાં મુકેલા પેનાસોનીકનો રૂ. ૧૪ હજાર અને નોકીયાનો રૂ. ૩૫૦૦નો મળીને બે મોબાઈલ ચોરી થઈ ગયા હતા. જે અંગે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી આ ગુના માટે એક ટીમ કામે લાગી હતી. અને તપાસ કરતાં તે મોબાઈલ સુરત ખાતે મનસુખભાઈ જાદવભાઈ મીઠાપુરા પાસે હોવાની વિગતો મળી હતી. જેને આધારે સુરતથી તે શખ્સને પકડી તેની ધરપકડ કરી લીધી છે. તેની સઘન પુછપરછ કરતાં આ બંને મોબાઈલ એક મહિના પહેલા રાત્રીના સમયે તેને સુરત ડેપોમાંથી મળી આવ્યા હોવાની તે કબુલાત કરી રહ્યો છે.

કોલવડામાંથી દારૂના મોટા જથ્થા સાથે એક ઝડપાયો

રાત્રે બે વાગે દારૂ-બિયરનો જથ્થો રિક્ષામાં ભરી રહ્યો હતો ત્યારે પેથાપુર પોલીસે દરોડો પાડીને દોઢ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

કોલવડા ગામમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે રાત્રે બે વાગે દરોડો પાડ્યો હતો. દારૂ-બિયરનો જથ્થો રિક્ષામાં ભરવામાં આવી રહ્યો હતો ત્યારે જ પોલીસની ટીમ પહોંચી હતી અને એક શખ્સને દોઢ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. પેથાપુર પોલીસે તેની ધરપકડ કરીને ગુનો દાખલ કરી વોન્ટેડ બે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

પેથાપુર પોલીસમથકના સિનિ. પીએસઆઈ એસ.જે. વાઘેલાને ગઈ રાત્રે બાતમી મળી હતી કે કોલવડા ગામમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો છે. જે બાતમી મળતા જ પીએસઆઈ તેમની ટીમ સાથે કોલવડાના મહુડીપુરા વિસ્તારમાં બાતમી વાળા સ્થળે રાત્રે બે વાગ્યે પહોંચી ગયા હતા. અને દરોડો પાડી એક શખ્સને રિક્ષામાં દારૂ-બિયરનો જથ્થો ભરતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. કોલવડાના રાજેન્દ્ર ઉર્ફે ભોડી નરૂમની ધરપકડ કરી ૧૯૬ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૪૧૯ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૧,૦૦,૦૦૦ નો દારૂ-બિયરનો જથ્થો તથા રિક્ષા મળીને દોઢ લાખના મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. કોલવડાના અન્ય બે શખ્સો નરેશ રઈજી રાવળ અને નિકુલ રઈજી રાવળ બંને વોન્ટેડ આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

નગરના શેરી ગરબાના આયોજકોનું કેપિટલ ક્રિએટીવ કલબે સન્માન કર્યું

ગાંધીનગર, તા.૧૮

નગરના યુવક અને યુવતિઓ હનિ સિંહના બોલે-બોલે ડોલવા લાગ્યા છે. ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ પશ્ચિમી હવાની જોરે હાલક ડોલક થઈ રહી છે પશ્ચિમી પવનની સામે ટકી રહેલી સંસ્કૃતિની કેપીટલ ક્રિએટીવ કલબે પીઠ થાબડી છે.

નવરાત્રી દરમિયાન માં અંબાની આરાધના કરતા શેરી ગરબા આયોજકોનું કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આજે બપોરે ૩-૦૦ વાગે ટાઉનહોલમાં સાંસ્કૃતિક વારસાનું જતન કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નગર અને રાજયમાં નવરાત્રી દરમિયાન પરંપરાગત યોજાતા ગરબા અને માતાજીનો ઘડુલીયો માથે મુકીને આરાધના કરતી મહિલાઓ અદૃશ્ય થવા લાગી છે. પાર્ટી પ્લોટ, ડીજેના તાલે યુવતિઓ મોજ શોખ માટે ગરબા રમવા જાય છે ત્યારે ગાંધીનગરની કેપીટલ ક્રિએટીવ કલબે નગરના શેરી ગરબાનું આયોજન કરનારા આયોજકોનું સન્માન કર્યું હતું.

કાર્યક્રમમાં નગરના ઉભરતા કલાકારોએ જૂન ગીતોને નવી શૈલીમાં રજુ કર્યા હતા ત્યારબાદ શેરી ગરબા આયોજકોનું મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં હાસ્ય સમ્રાટ મિલન ત્રિવેદી અને ગુણવંત ચુડાસમાએ હાસ્યની છોળો ઉડાડી હતી. નગરમાં શેરી ગરબાનું આયોજન કરતા આયોજકોએ ભારોભાર પ્રશંસા કરી હતી.

શેરી ગરબાને રાજકીય રંગ આપ્યો

ગાંધીનગર શહેરમાં કેપીટલ ક્રિએટીવ કલબે શેરી ગરબાના આયોજકોનું સન્માન કરવાનો કાર્યક્રમ આજે ટાઉનહોલ ખાતે યોજયો હતો પરંતુ કાર્યક્રમ સાંસ્કૃતિક નહિ પણ રાજકીય બની ગયો હતો. કલબના સંચાલકો દ્વારા શેરી ગરબાના નામે રાજકીય રંગ આપવામાં આવ્યો હતો. મુખ્ય વ્યકિતઓનું સન્માન કરવાની જગ્યાએ પાર્ટીમાં સામેલ હોય તેવા વ્યકિતઓને સ્ટેજ પર બોલાવી સન્માન કરવામાં આવ્યું હતું. નગરમાં પ્રથમ વખત કરવામાં આવેલ કાર્યક્રમમાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ ઘડાયો છે.

ડેપ્યુટી ડ્રગ કમિશનર દિપિકાના બે દિવસના રીમાન્ડ મંજુર

ફૂડ ઈન્સ્પેકટર ગોસ્વામી જયુડીશ્યલ કસ્ટડીમાં સોમવારે જામીન અરજી અંગે સુનાવણી

બેહિસાબી રકમ સાથે એ.સી.બી.એ. રંગે હાથ ઝડપેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડેપ્યુટી કમિશ્નર દિપિકા ચૌહાણના ગાંધીનગર કોર્ટે બે દિવસ માટે પોલીસ રીમાન્ડની મંજુરી આપી છે જયારે આ કેસમાં સંડોવાયેલા સિનિયર ઈન્સ્પેકટર કે.કે. ગોસ્વામીને સાબરમતી જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. સોમવારે તેની જામીન અજી અંગે સુનાવણી હાથ ધરાશે.

ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડેપ્યુટી ડ્રગ કમિશનર દીપિકા ચૌહાણ તેમજ તેમના પતિ અને અમદાવાદ જિલ્લાના ઈન્સ્પેકટર કે.કે. ગોસ્વામીને એ.સી.બી.એ બે દિવસ પૂર્વે રંગે હાથ ઝડપી લીધા હતા. એ.સી.બી.એ મળેલી માહિતી અનુસાર ઓફિસથી ઘરે જતા ડેપ્યુટી કમિશ્નર દિપિકા તેમજ તેમના પતિ રાવલ અને ઈન્સ્પેકટરને રસ્તામાં જ આંતરીને તપાસ કરી હતી આ દરમિયાન તેમની પાસેથી ગીફટ કવરમાં હજારો રૂપિયા મળી આવ્યા હતા જયારે ફાર્માસિસ્ટ ન હોય તેવા મેડિકલ સ્ટોરના ૮ હજાર રૂપિયા આપવાની ફરજ પાડતા ડેપ્યુટી ડ્રગ કમિશનર અને ઈન્સ્પેકટર ગોસ્વામીની એ.સી.બી.એ ધરપકડ કરી હતી તેમની પાસેથી મળેલી રકમનો તેઓ કોઈ જવાબ આપી શકયા ન હતા. આ કેસ સંદર્ભે એ.સી.બી.એ આજે ગાંધીનગરની ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ડેપ્યુટી ડ્રગ કમિશનર દિપિકાના પાંચ દિવસના રિમાન્ડ માટે અરજી કરી હતી. સેસન્સ કોર્ટના જજ એ.સી. રાવે મહિલા કમિશનરના આગામી સોમવાર સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે. જયારે ફૂડ ઈન્સ્પેકટરને જયુડીશીયલ કસ્ટડી હવાલે કરવા આદેશ કર્યો છે. સોમવારે ફૂડ ઈન્સ્પેકટરની જામીન અરજી સંદર્ભે પણ કોર્ટમાં સુનાવણી હાથ ધરાશે.

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજે જિલ્લા કલેક્ટર રવિશંકરના અધ્યક્ષ સ્થાને મળી હતી.

આ બેઠકમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પ્રજાહિતલક્ષી વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટર રવિશંકરે જણાવ્યું હતું. તેમજ અગાઉની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોમાં શું પગલા ભરવામાં આવ્યા છે, તેની માહિતી સંબંધિત અધિકારીઓ પાસેથી લીધી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે તમામ અધિકારીઓને દિવાળીની રજાઓના માહોલમાં ઘરફોડ ચોરીના બનાવો બનતા અટકાવવા માટે જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવનાર કામગીરીની વિગત આપી હતી. તેઓએ લાંબા સમય સુધી ઘર બંધ રહેવાનું હોય તો નજીકના પોલીસ મથકમાં જાણ કરવાનું પણ સર્વેને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ ઘરમાં કિંમતી ચીજ-વસ્તુ ન રાખવા અને ઘર બંધ રહેવાના દિવસોમાં ઘરે આવતું અખબાર પણ ખાસ બંધ કરાવવા જણાવ્યું હતું. જે સોસાયટી કે સરકારી આવાસના બ્લોકોમાં વધુ મકાન બંધ હશે. ત્યાં રાત્રી દરમ્યાન પોલીસકર્મીને મુકવાનું તથા તહેવારો દરમ્યાન વિશેષ નાઈટ પેટ્રોલિંગ અંગે પણ જણાવ્યું હતું. તે ઉપરાંત ફટાકડાના સ્ટોલ ગાંધીનગરમાં ફાળવવામાં આવ્યા છે. ત્યાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી ફાયર સેફટી સાથે આસપાસ કોઈ પણ વ્યક્તિઓએ ફટાકડા ન ફોડવા ભારપૂર્વક સુચના આપી હતી.

મહારાષ્ટ્ર-હરિયાણામાં ભાજપનો ભગવો લહેરાશે

રાજકોટમાં વિજય રૂપાણી ૧૨,૦૦૦ મતોની સરસાઈથી જીતશે : રાજકીય વિશ્લેષક વિરાભાઈ પટેલનું અનુમાન

ગાંધીનગરના નિવૃત્ત સરકારી અધિકારી અને જાણીતા રાજકીય વિશ્લેષક વિરાભાઈ પટેલના મતે તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર અને હરિયાણાની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તેમજ રાજકોટની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષનો ભગવો લહેરાશે. બંને રાજ્યોમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપ સત્તાના સુત્રો સંભાળશે.

ગુજરાત વિધાનસભાની લોકસભાની ગત ચૂંટણીઓમાં લગભગ સચોટ આગાહી કરનાર વિરાભાઈનું રાજકીય વિશ્લેષણ આ વખતે કેટલું સાચુ પડે છે તે તો સમય જ કહેશે. પરંતુ તેમના મત મુજબ મહારાષ્ટ્ર વિધાનસભામાંની કુલ ૨૮૮ બેઠકો માંથી ભાજપને ૧૫૫ થી ૧૬૦ બેઠકો મળશે. આટલુ જ નહી પરંતુ હરિયાણામાં પણ કુલ ૯૦ વિધાનસભા બેઠકો સામે ભાજપ ૫૫ ની આસપાસ બેઠકો મળવશે. આમ વિરાભાઈના મતે બંને રાજ્યોમાં ભાજપનો ભગવો લહેરાશે અને વિજય તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચુંબકીય વ્યક્તિત્વના કારણે શક્ય બનશે તેવું સ્પષ્ટ પણે માની રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં પણ રાજકોટ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના વિજય રૂપાણીની લગભગ ૧૨,૦૦૦ કરતા વધુ મતોથી ભવ્ય જીત થશે.

ધનતેરસના દિવસે ધનાક્ષ લક્ષ્મી-શ્રીયંત્ર પૂજન કરવામાં આવશે

શકિત સાધના પરિવાર દ્વારા ધનતેરસના દિવસે શાસ્ત્રોકત વિધિથી ધનાક્ષ લક્ષ્મી-શ્રીયંત્રનું સામુહિત પુજન કરવામાં આવશે. છેલા ૨૪ વર્ષથી ધનતેરસના દિવસે શકિત સાધના પરિવાર દ્વારા શાસ્ત્રોકત વિધિથી ધનાક્ષ-શ્રીયંત્રના સામૂહિત પૂજન કરવામાં આવે છે. આ વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે ધનતેરસના દિવસે સાંજે ૬ વાગ્યાથી સેકટર-૨૩ લ્ગનવાડી ખાતે વિશેષ રૂપે કાર્યક્રમ યોજવામાં આવશે. દર વર્ષે ૧૫૦થી વધારે ભકતો લાભ લે છે ત્યારે આ વર્ષે તેમાં વધારો થાય તેવું પરિવાર ઈચ્છી રહ્યું છે.

સે. ૮ વસાહત મંડળ વિદ્યાપુરસ્કાર આપશે

ગાંધીનગર, તા. ૧૮

સેકટર-૮ વસાહત મંડળ સેકટરના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરશે. આજરોજ રવિવારે સાંજે ૪.૦૦ વાગે શોપીંગ સેન્ટર સામે બગીચામાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવશે.

સમારોહમાં સેકટરના જે વિદ્યાર્થીઓએ ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવ્યા છે તેવા વિદ્યાર્થીઓને વિદ્યાપુરસ્કાર એનાયત કરવામાં આવશે. જેમાં કે.કે. રાવલ, વનવાસી ટ્રસ્ટ વડોદરા, તેમજ પ્રમુખ રહીમ મકવાણા, ગીરીશ યાદવ, પ્રેમ રાજપુત સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

જીવ કલ્યાણ સંસ્થાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

જીવ કલ્યાણ સંસ્થાની માસિક સામાન્ય સભા આજરોજ રવિવારે સાંજે ૫.૦૦ વાગે સેકટર-૨૨, પંચદેવ મંદિરના યજ્ઞ સભાખંડમાં મળશે. તો રસ ધરાવતા નગરજનો અને સંસ્થાના સભ્યોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૦
સૂર્યાસ્ત : ૬.૧૧

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૦ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૦.૦૦

ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫

મુંબઈ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

: સ્ક્રીન-૪ :

સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦

બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦

હૈદર : ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

મુંબઈ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

આપની આજ

મેષ : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

વૃષભ : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળસથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.

સિંહ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે.બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિક : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

ધન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે.

મકર : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે.બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે.

મીન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે.